
માર્ચ ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## નિશ્ચયની શક્તિ



અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

ઘણી વખત આપણે નક્કી કરતા હોઈએ છીએ કે આ વખતે પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ લાવવો જ છે, સ્પોર્ટ્સમાં કપ જીતવો જ છે વગેરે વગેરે, પણ અઘરું લાગતા આપણે વિચાર માંડી વાળીએ છીએ કે જવા દો, આપણાથી થાય એવું લાગતું નથી, અને હાર માનીને બેસી જઈએ છીએ. ક્યારેય વિચાર કર્યો છે કે ધ્યેય સુધી પહોંચવા માટે શું જરૂરી હોય છે ? અદબદ ધ્યેયને સ્ટ્રોંગ કઈ રીતે કરવો ? અઘરું લાગે ત્યારે કઈ રીતે ધ્યેયને વળગી રહેવું ?

પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં કોઈ પણ ધ્યેય સુધી પહોંચવા માટે નિશ્ચયનું મહત્વ દેખાડ્યું છે. નિશ્ચયની કચાશો કેવી રીતે ઓળખાય ?, એને કેવી રીતે દૂર કરવી ? હતાશ થવાને બદલે કેવું વલણ રાખવું ? વગેરેની સુંદર સમજણ આ અંકમાં મૂકાઈ છે.

તો આવો, આપણે નિશ્ચય વિષેની સુંદર વાતો સમજીએ અને ધ્યેય સુધી પહોંચવાની શક્તિ પ્રાપ્ત કરીએ.

-ડિમ્પલ મહેતા



# અનુક્રમણિકા

દાદાજી કહે છે........... 3
નિશ્ચયની શક્તિ...... ૪
આ તો નવી જ વાત !......... ૮
.....અને પ્રીશા પાર ઉતરી ૧૦
તમારી જાતને ચકાસી જુઓ... ૧૩
ઐતિહાસિક ગૌરવગાથાઓ........ ૧૪
ચાલો રમીએ........... ૧૬
મીઠી યાદેં.........૧૮
પઝલના જવાબો અને ફોટો..........૧૯

# નિશ્ચયની શક્તિ

# દાદાજી કહે છે...

નિશ્ચય એટલે તો આપણો ધ્યેય છે. ધ્યેય તરફ લઈ જનારી વસ્તુ છે. જે વિચાર આપણને આવતો હોય તે નિશ્ચય કરવો કે 'આ જ કરવું છે હવે' એટલે તરત ફળીભૂત થાય. તમે એ વિચાર ઉપર સ્ટ્રોંગ નિશ્ચય કરો, એક સ્ટ્રોંગ ડિસિઝન લઈ લો કે મારે આ જ કરવું છે, બીજું નહીં હવે. તો એ પાર પડી જાય, એને લાઈન મળી જાય.

**પ્રશ્નકર્તા :** પણ નિશ્ચય કંઈ બધાનાં ફળતાં નથી હોતા.

**દાદાશ્રી :** એ ફળે કે ના ફળે, એ આપણે નહીં જોવાનું, આપણે નિશ્ચય કરવો ! પછી નિશ્ચય નહીં કરો તો કોઈ કામ જ નહીં થાય.

**પ્રશ્નકર્તા :** એ વાત બરોબર છે.

**દાદાશ્રી :** આપણો નિશ્ચય હોય તો કોઈ રોકનાર જ નથી. અદબદ રાખવાની જરૂર નથી. લપસણું આવ્યું હોય, એક માઈલ સુધી અને મનમાં થાય કે લપસી પડીશ તો ? તો પછી એનો ઉપાય નથી. 'ના જ લપસું, કેમ લપસાય ?' એવો નિશ્ચય જોઈએ. તો પગ એવી વ્યવસ્થા કરશે, મન ને બધાં સીધાં રહેશે. 'કેમ લપસાય ?' કહીએ, એવો નિશ્ચય કર્યો કે બધું ચોખ્ખું !! તેમ છતાંય પછી લપસી પડે તો જે બન્યું તે ખરું.

**પ્રશ્નકર્તા :** મારી ઈચ્છા છે છતાં કામ પાર પાડવામાં તકલીફ પડે છે.


**દાદાશ્રી :** એ તો આપણો ભાવ સ્ટ્રોંગ હોય તો અંતરાય તૂટી જાય. મહીં આપણો ભાવ સ્ટ્રોંગ છે એ જોઈ લેવાનું. નિશ્ચય કરો તો થઈ જશે. તમે નિશ્ચય કરો કે મારે આમ કરવું છે, તો બધું થાય એવું છે.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, નિશ્ચયની અંદર અંતરાય તોડવાની શક્તિ ખરી ?

**દાદાશ્રી :** હા, બધા અંતરાય તોડી નાખે. કોઈ અંતરાય પડવા ના દે.

**પ્રશ્નકર્તા :** ત્યારે અંતરાય જે નડે છે તે નિશ્ચયની ખામી ?

**દાદાશ્રી :** નિશ્ચયની જ ખામી છે. જો નિશ્ચયબળ હોય તો અંતરાય તૂટી જ જાય. નિશ્ચય કરવાં છતાંય મોળા પડી જાય તો ફરી ફરી નિશ્ચય કરવો, પણ 'આ મારાથી નથી થતું', એવું બોલાય જ નહીં. આવું બોલવાથી તો બગડી જાય.



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૭
સળંગ અંક : ૫૫
માર્ચ ૨૦૧૩

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# નિશ્ચયની શક્તિ


રવિવારની સવાર હતી. દાદાજી બાલ્કનીમાં હીંચકા પર બેસી, છાપું અને ગરમા ગરમ ચા સાથે સવારની મજા માણી રહ્યા હતા.
દાદાજી પ્લીઝ મને છાપાનું પેલું વચલું પાનું આપોને.


દાદાજીની બાજુમાં બેસી જઈ અમન ખૂબ રસપૂર્વક કંઈક વાંચવા લાગ્યો.
ઓહ નો !! ગયે કામ સે !
શું થઈ ગયું ?
મારું ભવિષ્ય વાંચુ છું. બુધવારનું ભવિષ્ય તો સાવ બકવાસ છે. બુધવારે મારી સાયન્સની ટેસ્ટ છે. આ વખતે ફરી ટેસ્ટમાં લોચા પડવાના.
તારે સાયન્સની ટેસ્ટમાં સારા માર્કસ લાવવા છે ?
લાવવા તો છે. પણ હવે કોઈ ચાન્સ લાગતો નથી.
આ ભવિષ્યવાણી તારું રીઝલ્ટ નક્કી નથી કરતી. સારા માર્કસ લાવવા જ છે, એવો જો તું સ્ટ્રોંગ નિશ્ચય કરે તો તને કોઈ રોકનાર નથી. આ ભવિષ્યવાણી પણ નહીં.
હું ટ્રાય તો કરીશ, પણ ખબર નહીં સારું ભણાશે કે નહીં. આ વાંચીને તો મારો મૂડ બગડી ગયો.


થશે કે નહીં થાય, એમ વિચારીશ તો ખરેખર બધું બગડી જશે. થશે જ, કેમ ના થાય, એવો સ્ટ્રોંગ નિશ્ચય કરીશ તો સારા માકર્સ આવશે જ. તું નિશ્ચય કરે કે મારે આમ કરવું જ છે, તો બધું થાય એવું છે.
હું તને એક વાર્તા કહું. આ વાર્તા છે મહર્ષિ પાણિનિની. તેઓએ સંસ્કૃતના વ્યાકરણનો મહાન ગ્રંથ-'અષ્ટાધ્યાયી' રચ્યો. સંસ્કૃત ભાષાનું સમગ્ર વ્યાકરણ તેમણે આ નાની પુસ્તિકામાં સમાવી લીધું છે. કેવા બુદ્ધિશાળી હશે !
તને એ જાણીને આશ્ચર્ય થશે કે સંસ્કૃતનાં આવા પંડિતની બુદ્ધિ બાળપણમાં જરાય ખીલેલી નહોતી. વર્ગમાં ગુરૂજી જે ભણાવતા, એ તેનાં મગજમાં ઊતરતું નહીં.
તેથી બધા સહાધ્યાયીઓ 'મૂર્ખનો સરદાર' કહીને તેની મશ્કરી કરતા રહેતા.
એક દિવસ
પાણિનિ, આ પ્રશ્નનો જવાબ આપ.


પાણિનિ ગુરૂજી સામે જોતો જ રહ્યો. ગુરૂજીને ખુબ ગુસ્સો આવ્યો.
તારી હથેળી મારી સામે ધર.
પાણિનિ ધ્રૂજી ઊઠ્યો. ડરથી ફફડતાં તેણે મુઠ્ઠી ખોલીને હથેળી ગુરૂજીની સામે ધરી ! ગુરૂજી હથેળી પર સોટી મારવા જતા હતા, ત્યાં તેમની નજર હથેળી પર પડી અને તેઓ ચોંકી ગયા. તેમના હાથમાંની સોટી અધ્ધર જ રહી ગઈ.
જા બેટા, તારી જગ્યાએ જઈને બેસી જા.
ગુરૂજી શું થયું ?
અરે, તને વિદ્યા કેવી રીતે આવડે ? તારા હાથમાં વિદ્યાની રેખા જ નથી !
ગુરૂજીના આ શબ્દોથી નાનકડા બાળકના હૃદય પર બહુ મોટો આઘાત લાગ્યો.
ગુરૂજી, તમારો હાથ બતાવોને ? વિદ્યાની રેખા ક્યાં હોય છે ? એ તો બતાવો.
ગુરૂજીએ પોતાની હથેળી ખુલ્લી કરી તેમાંથી વિદ્યાની રેખા તેને બતાવી.
એ રાત્રે એણે એક ધારદાર પથ્થરથી પોતાના નાજુક હાથ પર એક રેખા કંડારી દીધી. એ હતી વિદ્યાની રેખા. તેની હથેળી લોહીથી લાલ બની ગઈ.
હવે તો મારા હાથમાં વિદ્યાની રેખા દોરાઈ ગઈ. હવે મને બધું જ આવડવા લાગશે.


બીજા દિવસે
ગુરૂજી, જુઓ મેં મારી હથેળીમાં વિદ્યાની રેખા દોરી લીધી છે. હવે વિદ્યા મેળવવામાં મને કોઈ રોકી શકશે નહીં.
અરે બેટા, આ તેં શું કરી નાંખ્યું ? પરંતુ હવે ખરેખર વિદ્યા પ્રાપ્ત કરવામાં તને કોઈ રોકી શકશે નહીં.
સમય જતાં સફેદ રેખા અદ્રશ્ય થઈ ગઈ અને તેનો હાથ પહેલાં જેવો જ થઈ ગયો. પરતું એના હૃદયમાં દ્રઢ નિશ્ચયની જે રેખા કોતરાઈ ગઈ હતી તે તો સમય જતાં વધુ ને વધુ ઊંડી બનતી ગઈ. જ્યાં સુધી તે પોતાનો પાઠ બરાબર ન સમજી લે, ત્યાં સુધી ખાવું-પીવું-ઊંઘવું બધું જ બંધ થઈ જતું. ધ્યેય પ્રાપ્તિ માટે, એના આવા દ્રઢ નિશ્ચયને કારણે, એક વખતનો 'મૂર્ખનો સરદાર' સંસ્કૃત ભાષાનો મહાન વ્યાકરણશાસ્ત્રી બની ગયો.
હવે તું જ કહે, જો પાણિનિ હાથની રેખાના ભરોસે બેસી રહ્યા હોત, તો શું તેઓ એમના ધ્યેય સુધી પહોંચી શકત ?
ના
ત્યાં તો પપ્પા ગેલેરીમાં આવ્યા.
તો અમનશેઠ, તમારું ભવિષ્ય શું કહે છે ?
મારું ભવિષ્ય તો ભયંકર છે. પણ હું મારા નિશ્ચયબળથી એને સુંદર બનાવી દઈશ.
શું ??!!
આ સાંભળી, દાદાજી હળવું હસ્યા અને ફરી ચશ્માં ચડાવી છાપું વાંચવા લાગ્યા.


# નવી
# આ તો



નિશ્ચય એનું નામ કે આપણે નક્કી કર્યું, તે ઠેઠ સુધી રહે. તો પછી એનો સાંધો આગળ મળી રહે. નિશ્ચય ફેરવી નાખે તો આગળ સાંધો ના મળે. દા.ત. મારે ડૉક્ટર બનવું જ છે, એવું નક્કી કર્યું હોય તો ડૉક્ટર બનવાના બધા સંજોગો મળી રહે. પણ જો પાછળથી ફેરવી નાખે કે હવે મારે ડૉક્ટર નથી બનવું તો ડૉક્ટર બનવાના સંજોગ ઊડી જાય.



એક નિશ્ચય કરે પછી પાછો બીજો કરે તો તે મળે ખરું પણ એકધારું ના મળે. દા.ત. એ નક્કી કરે કે મારે ભણવું જ છે, તો એકધારા ભણવાના સંજોગ મળ્યા કરે પણ વચ્ચે વચ્ચે પાછો બીજો નિશ્ચય કરે કે રમવું તો જોઈએ જ ને ! આખો દિવસ ભણ-ભણ ન કરાય, તો ભણવાના સંજોગો એકધારા ન મળે.


પડી જવાય એવી સાંકડી પટ્ટીની
જગ્યા, જયાં બન્ને બાજુથી દરિયો
હોય ત્યારે કેવો નિશ્ચય કરે છે ?
ત્યાં નિશ્ચય કંઈ વારંવાર નથી
કરવો પડતો. એ તો તે ઘડીએ
મહીં એક ફેરો નિશ્ચય થઈ જાય
છે. પછી નિરંતર જાગૃતિ રહે !
એવો નિશ્ચ ય જોઈએ.
જી
વાતા !
કરવું છે પણ થતું
નથી - એવું ના
બોલાય. એનાથી
નિશ્ચય તૂટી જાય
અને અંતરાય પડે.

# .....અને પ્રીશા પાર ઉતરી



રસોડામાંથી મમ્મીને પ્રીશાનો હસવાનો અવાજ આવ્યો. રસોડામાં જઈને જોયું તો ફ્રીઝ પર પ્રીશાએ કુલ્લુ-મનાલીના ફોટા ચોંટાડ્યા હતા. હસીને મમ્મીએ પૂછ્યું, ''આ શું ? આજે મારી દીકરી ડેકોરેશન ના મૂડમાં લાગે છે કે પછી આ ફોટાનો કંઈ બીજો મતલબ છે ?''


''મમ્મી, આ ઉનાળામાં મારી ફ્રેન્ડસ કુલ્લુ-મનાલી ટ્રેકિંગમાં જાય છે. મારે પણ જવું છે. ત્રણ મહિનામાં રજિસ્ટર કરવાનું છે. મારે પણ જવું છે. પ્લીઝ મમ્મી, મને જવા દઈશ ?'' મમ્મીને બ્રોશર આપતા પ્રીશાએ પૂછ્યું.

મમ્મીએ બ્રોશરના થોડા પાના ફેરવ્યા અને પછી ડાઈનીંગ ટેબલ પર મૂકી દીધું.

''છે તો સરસ, પણ મારે ડેડીને પૂછવું પડશે.'' એમ કહી મમ્મીએ ઘડિયાળ સામે જોયું, ''ચલ હવે, જલ્દી કર. તને સ્કૂલે જવાનું મોડું થઈ જશે. આપણે સાંજે વાત કરીશું.''

સાંજે સ્કૂલેથી આવીને પ્રીશાએ દફતર સોફા પર ફેંક્યું અને મમ્મી પાસે રસોડામાં દોડી ગઈ.

''તમે શું નક્કી કર્યું ? હું ટ્રેકિંગમાં જઈ શકું ?,'' પ્રીશાએ ઉત્સુક થઈને પૂછ્યું.




મમ્મી પ્રીશા સામે જોઈને આછું હસ્યા અને પછી શાંતિથી કહ્યું, ''જઈ શકે, જો તારી જવાની પૂરેપૂરી તૈયારી હોય તો.''

''તૈયારી ? કેવી તૈયારી ?'' પ્રીશાએ અધીરાઈથી પૂછ્યું.

''સીન્સયરલી ભણીને ફાઈનલ પરીક્ષામાં ગણિતમાં ૭૦% માર્કસ થી ઉપર લાવવાની તૈયારી. જો ૭૦ ઉપર માર્કસ આવશે તો તને જવા મળશે.'' મમ્મીએ મક્કમપણે પ્રીશાને જવાબ આપ્યો.

આ સાંભળી પ્રીશા અપસેટ થઈ ગઈ, ''શું ? આવું ન ચાલે. તને ખબર છે કે ગણિતમાં માંડ માંડ મને પાસીંગ માર્કસ આવે છે. ૭૦ માર્કસ લાવવા મારા માટે અશક્ય છે.''

પ્રીશાની વાત સાંભળી મમ્મીએ એને હિંમત આપતા કહ્યું, ''અશક્ય જેવું કંઈ હોતું જ નથી. જો તારે ખરેખર જવું જ હોય તો તું એ લાવી જ શકીશ.''

ત્યાં તો ફોનની ઘંટડી વાગી. ફોન સ્નેહાનો હતો. એણે ઉત્સુકતાથી પ્રીશાને પૂછ્યું, "શું થયું ? ટ્રેકિંગમાં આવવાની પરમીશન મળી કે નહી ?"

માથું ખંજવાળતી પ્રીશા બોલી, "હા પણ અને ના પણ." કહી એણે વિગતવાર મમ્મી-ડેડીએ મૂકેલી શરતની વાત કહી.

આ સાંભળી સ્નેહા બોલી, "અરે યાર. અવાશે જ. તું આમ અદબદ ના બોલ. તું નક્કી કરે કે તારે આવવું જ છે અને ૭૦ માર્કસ લાવવા જ છે, તો થાય એમ છે. સાચુ કહું છું."

સ્નેહાની વાતથી પ્રીશાને કોઈ દિલાસો ના મળ્યો, "ચલ, હું ફોન મૂકું. હોમવર્ક કરવાનું છે", એમ કહી સ્નેહાની વાત કાપી નાખતા એણે ફોન મૂકી દીધો.

થોડી વાર રહીને મમ્મી પ્રીશાના રૂમમાં ગયા. પલંગ પર આડી પડીને પ્રીશા એની નોટબુકમાં કંઈ લખી રહી હતી.

"ગરમાગરમ સમોસા અને ગુલાબજાંબુ!" ટેબલ પર પ્લેટ મુકતા મમ્મી બોલ્યા, "હોમવર્ક કરતા કરતા ભૂખ લાગી હશે ને ?" પ્રીશાની બુકમાં મમ્મીએ નજર કરી તો આખા પાના પર એણે ચિત્રો જ દોર્યા હતા, ગણિતનો એક પણ દાખલો ગણ્યો ન હતો. આશ્ચર્યથી મમ્મીએ પૂછ્યું, "આ શું, તે હજી હોમવર્ક શરૂ પણ નથી કર્યું ?"

"કેટલાં અઘરા દાખલા છે. મારા ભેજામાં તો કશું ઊતરતું જ નથી. આ હોમવર્ક ક્યારેય નહીં પતે," નિરાશ થઈને પ્રીશા બોલી.

મમ્મી પ્રીશાની બાજુમાં બેઠા. એના માથે હાથ ફેરવતા બોલ્યા, "બેટા, મને ખ્યાલ છે કે તને અત્યારે કેવું લાગતું હશે. પણ 'મારાથી નથી થતું, નથી થતું' એમ ક્યારેય ના બોલાય. હું તને મારી જ વાત કહુ, મને સમોસા કે ગુલાબજાંબુ બનાવતા આવડતા નહોતા. પણ તારી અને ડેડીની આ ફેવરીટ આઈટમ હતી. એટલે દાદી પાસેથી મેં એ બનાવવાની રીત જાણી. પહેલા તો મને લાગ્યું કે



બહુ અઘરું છે. પણ 'સરસ બનાવવું જ છે' એવો ધ્યેય નક્કી કરી હું પ્રેક્ટિસ કરવા લાગી, અને પ્રેક્ટીસ કરતાં કરતાં મને એકદમ ટેસ્ટી બનાવતા આવડી પણ ગયા ! પણ જો હું, 'મારાથી નહી થાય' એમ કરીને બેસી ગઈ હોત, તો તને આવું ટેસ્ટી ખાવા મળત ? 'મારાથી નથી થતું, નથી થતું' એમ બોલ્યા કરીએ તો આપણી બધી શક્તિ તૂટી જાય. એના બદલે સ્ટ્રોંગ નિશ્ચય કરી, એ કાર્ય કરવા મંડી પડીએ તો બધું થાય એમ છે.''

''ચાલ, થોડું ખાઈ લે અને હોમવર્ક શરૂ કરી દે,'' કહી મમ્મી રૂમમાંથી ચાલ્યા ગયા.

એક સમોસું ખાઈને પ્રીશાએ એની ગણિતની નોટબુક સામે નજર કરી. જબરજસ્તીથી એણે દાખલા ગણવાની શરૂઆત કરી. થોડી મહેનત પછી એ પોતે જ નવાઈ પામી ગઈ કે એનાથી દાખલો ગણી શકાયો. ''અરે વાહ ! આ દાખલો સહેલો તો નહોતો છતાં મને આવડી ગયો. વાહ પ્રીશા વાહ !'' પોતાને જ પ્રોત્સાહન આપતા એ બોલી.

પણ થોડી વાર રહીને એ પાછી અટકી પડી. ફરી એને વિચાર આવ્યો, ''મને ખબર હતી કે ગણિત એ મારું કામ નહીં.'' પણ આ વિચાર આવતા જ મમ્મીના શબ્દો એના કાનમાં ગુંજ્યા, ''નિશ્ચય કરવા છતાંય ઢીલા પડી જવાય તો ફરી ફરી નિશ્ચય કરવો.'' પણ 'આ મારાથી નહી થાય' એવું તો બોલવું જ નહીં'' એણે એનો વિચાર ફેરવી કાઢ્યો. જોતજોતમાં એનું હોમવર્ક થઈ પણ ગયું.

એ દિવસ પછી, ૭૦% માર્કસ લાવવા જ છે, એવા સ્ટ્રોંગ નિશ્ચયથી પ્રીશા રોજ નિયમપૂર્વક ગણિતની પ્રેક્ટિસ કરવા લાગી. એને ઘણીવાર અઘરું લાગતું પણ હિંમત હાર્યા વગર એ પ્રેક્ટિસ કર્યા જ કરતી.

અંતે ગણિતની પરીક્ષાનો દિવસ આવી ગયો. પરીક્ષામાં જતાં પહેલા, આશીર્વાદ લેવા એ મમ્મી ડેડીને પગે લાગી, મમ્મીએ એને એક કવર આપ્યું.

''આ શું છે ?'' પ્રીશાએ આશ્ચર્યથી પૂછ્યું.

''કુલ્લુ-મનાલી જવા માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ અને ચેક,'' મમ્મી ખુશ હતા.

''પણ મમ્મી, આજે તો પરીક્ષા છે. હજી મારું રિઝલ્ટ ક્યાં આવ્યું છે ?,'' પ્રીશાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

''અમારી પરીક્ષામાં તું પાસ થઈ ગઈ. ધ્યેય સુધી પહોંચવા માટે તે જે સ્ટ્રોંગ નિશ્ચય રાખ્યો અને મહેનત કરી, એમાં અમે તને ૭૦% ઉપર માર્કસ આપી દીધા,'' મમ્મીએ હસતાં હસતાં કહ્યું.

આ સાંભળી પ્રીશા મમ્મીને ભેટી પડી. સાચવીને કવર બેગમાં મૂકી, એ વિશ્વાસ સાથે પરીક્ષા આપવા ગઈ.

અને ખરેખર એને ગણિતમાં ૭૫ માર્ક્સ આવ્યા.



''નિશ્ચય કરવા છતાંય ઢીલા પડી જવાય તો ફરી ફરી નિશ્ચય કરવો.''

# તમારી જાતને ચકાસી જુઓ

(૧)દાદાજી કહે છે કે નિશ્ચય એટલે ધ્યેય તરફ લઈ જનારી વસ્તુ.
નીચે આપેલા પ્રસંગનું નિરીક્ષણ કરી શોધો કે દેવયાનીનો ધ્યેય શું હતો અને એ ધ્યેય સુધી પહોંચવા માટે એણે પોતે કેવી રીતે એમાં અંતરાયો નાખ્યા.

ઈન્ટર સ્કૂલ સ્પેલિંગ કોમ્પિટિશનમાં ભાગ લેવા માટે દેવયાનીનું સિલેકશન થયું. સ્કૂલ માટે પ્રાઈઝ જીતવાનું જે દેવયાનીનું સપનું હતું, તે સાકાર કરવાની આજે એને તક મળી.

ઘરે જઈને દેવયાનીએ કોમ્પિટિશન માટે પ્રેકિટસ કરવાનું ટાઈમ-ટેબલ બનાવ્યું અને સીન્સિઅરલી ભણવાનું નક્કી કર્યું. ત્યાં જ એની કઝીન શિવાનીનો ફોન આવ્યો.

''દેવુ, ફ્રાઈડે પિક્ચર જોવા આવવું છે ? મને ટિકીટ મળી છે.'' શિવાનીએ પૂછયું.

દેવયાનીએ વિચાર્યું, ''હમમમ....ફ્રાઈડે પિક્ચર જોઈ આવું. શનિવારે થોડી વધારે પ્રેકિટસ કરી લઈશ.''

જેમ કોમ્પિટિશનનો દિવસ નજીક આવવા લાગ્યો, તેમ દેવયાનીનો કોન્ફિડન્સ ઓસરાવવા લાગ્યો. એક રફ ટેસ્ટમાં એના દસમાંથી છ સ્પેલિંગ ખોટા પડ્યા. એ નાસીપાસ થઈ ગઈ.

એણે વિચાર્યું, ''મારે સ્પેલિંગ કોમ્પિટિશનમાં ભાગ નથી લેવો. એમાં જીતવાનો તો કંઈ ચાન્સ નથી. આના કરતા હું આર્ટ કોમ્પિટિશનમાં પાર્ટ લઉં તો કેવું ?''

થોડી વાર રહીને ફરી દેવયાનીએ પોતાનો વિચાર ફેરવી કાઢયો અને પ્રેકિટસ કરવા લાગી. કોમ્પિટિશનની આગલી રાત્રે એને ખૂબ ગભરામણ થવા લાગી, ''મને આ સ્પેલિંગમાં સમજણ નથી પડતી. મને નહીં આવડે તો ?''

(૨) ૧. ઉપરના પ્રસંગમાં કયા ત્રણ વાક્યો નિશ્ચયની કચાશ દર્શાવે છે તે લખો.
૨. નીચે આપેલા પાંચ વાક્યોમાંથી કઈ નિશ્ચય શક્તિ વડે દેવયાનીએ પોતે પાડેલા અંતરાયોમાંથી પાર ઊતરી શકે ?

૧. હું અનંત શક્તિ વાળો છું. દાદા, મને સમજણ પડે એવી શક્તિ આપો.

૨. મન પોલ ખોળે અને ધ્યેય વિરુદ્ધ બતાવે તો સ્ટ્રોંગ નિશ્ચય વડે મનનું નહીં માનવાનું, પણ ધ્યેયને સીન્સિઅર રહેવાનું.

૩. પિક્ચર જોવા જવાનો ટાઈમ બગાડવા કરતા, ઘરે લાવીને પિક્ચર જોઈ લેવાનું.

૪. નિશ્ચય એનું નામ કે આપણે નક્કી કર્યું તે ઠેઠ સુધી રહે. નિશ્ચય ફેરવી નાખે તો આગળ સાંધો ના મળે.

૫. કોમ્પિટિશનમાં જીતી જઈશ એવી કલ્પના કરી સૂઈ જવાનું.

# ઐતિહાસિક

**આગલા અંકમાં જોયું કે શેઠ દધિવાહનના ઘરે વસુમતી પુત્રીની જેમ રહેવા લાગી. શેઠનો વસુમતી પ્રત્યેનો વધતો જતો સ્નેહ જોઈ શેઠાણી ઈર્ષાની આગમાં બળવા લાગ્યા. બીજો કોઈ ઉપાય ન સૂઝતા એમણે વસુમતી પાસે ઘરનું બધું કામ કરાવવાનું શરૂ કર્યું. શેઠાણીનો દોષ જોયા વગર વસુમતી ધર્મ સંભારતી, ભગવાનનું સ્મરણ કરતી અને દિવસો પસાર કરતી. હવે આગળ વાંચીએ...**

એવામાં શેઠ દધિવાહનને વેપાર અંગે બહારગામ જવાનું થાય છે. આ તકનો લાભ લઈ, મૂળા શેઠાણી, શેઠના ગયા પછી હજામને બોલાવી લાવ્યા. વસુમતીના બધા વાળ ઊતરાવી માથે મુંડન કરાવી નાખ્યું. હાથે પગે બેડી બાંધી એક અંધારા ઓરડામાં એને પુરી દીધી. ઘરને તાળું મારી તેઓ જતા રહ્યા.

એ વસુમતી એ જ ચંદનબાળા.

ઓરડામાં પુરાયાને ચંદનબાળાને ત્રણ-ત્રણ દિવસ થઈ ગયા. ખાવાનો એક પણ દાણો કે પાણીનું એક ટીપું એના મોઢામાં ગયા ન હતા. સતત નવકાર મંત્રનું ધ્યાન કરતી ચંદનબાળા આત્મામાં લીન છે. જીનેશ્વર ભગવાનની ભક્તિમાં પરમ શાંતિનો અનુભવ કરી રહી છે.

બીજી બાજુ ભગવાન મહાવીર છ-છ માસથી કૌશાંબી નગરીમાં પારણા માટે ગલીએ ગલીએ અને ઘરે ઘરે પધારે છે ને પાછા ફરે છે. જનતા અને રાજકુટુંબ વિચાર કરે છે, કેમ આ તપસ્વી કંઈ પણ લીધા વગર પાછા ચાલ્યા જાય છે. મહારાણી મૃગાવતી જુદી જુદી ગોઠવણો કરાવે છે પણ કંઈ વળતું નથી.

ભગવાને અભિગ્રહ (નક્કી કરેલું ભોજન ન મળે ત્યાં સુધી પારણું ન કરવું) કર્યો હતો કે રાજકુમારી હોય, ત્રણ દિવસની ઉપવાસી હોય, હાથમાં અડદના બાકળા હોય, પગમાં બેડી હોય, આંખમાં આંસુ હોય, તેનો એક પગ ઘરના ઊંબરાની બહાર અને બીજો પગ અંદર હોય અને એ વહોરાવે ત્યારે પારણું કરવું. આ અભિગ્રહને માટે છ-છ માસ થવા આવ્યા, પણ તે પુરો થતો નથી.



આ બાજુ શેઠ દધિવાહન પાછા ફર્યા ત્યારે ઘરને તાળુ જોતા તપાસ કરી. એક વૃધ્ધ દાસી પાસેથી એમને બધી વાતની જાણ થઈ.

તરત ઘરનું તાળું તોડી નાખ્યું. અંદર જઈને ચંદનબાળાની હાલત જોઈ શેઠ સ્તબ્ધ થઈ ગયા. એક સુપડામાં અડદના બાકળા હતા તે ચંદનબાળાને ખાવા માટે આપી શેઠ બેડીને તોડવા માટે લુહારને બોલાવવા ગયા.


તે જ સમયે પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા. ભગવાનને જોઈ ચંદનબાળા અત્યંત હર્ષ પામી. પોતાના અભિગ્રહને અનુરૂપ સર્વ સામગ્રી જોઈને પ્રભુએ વહોરવા હાથ લાંબા કર્યા પણ જોયું તો વહોરનારના મુખ ઉપર આંનદ સમાતો નહોતો. આંખમાં આંસુ નહોતા. લંબાવેલા હાથ સંકોરાઈ ગયા. ને પ્રભુ પાછા ફર્યા. આ જોઈ ચંદનબાળા રડી પડી.

# ગૌરવગાથાઓ

હવે ચંદનબાળાની આંખમાં આંસુ પણ હતા. પ્રભુ પાછા પધાર્યા. પ્રભુનું પારણું થયું. દેવ દુંદુભિ વાગી. આકાશમાંથી સોનામહોરોની વૃષ્ટિ થઈ. ચંદનબાળાની બેડી તૂટી ગઈ, સર્વ અલંકારો પાછા આવી ગયા.

વાતની જાણ થતાં મૂળા શેઠાણી પણ દોડી આવ્યા. એમણે ચંદનાની માફી માંગી. ત્યારે ચંદનાએ ખૂબ વિનયપૂર્વક કહ્યું, ''માતા, આ સર્વ તમારો જ પ્રતાપ છે.''

ચંદનબાળાએ મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી. એ એમના પહેલા સાધ્વી બન્યા અને એ જ ભવમાં મોક્ષે ગયા.




# ચાલો રમીએ....

## ૧




નીચે દર્શાવેલી આકૃતિમાં જે ૫ અલગ અલગ પીસ (ટુકડા) છે એને ગોઠવીને ૫*૫ નું ચેસ બોર્ડ બનાવો.



## ૨

પેન્સિલ ઉચક્યાં વગર ૧૨ ટપકાંને એવી રીતે જોડો કે બરાબર ૫ સીધી લીટી બને.



## ૩

આઠ નંબર કાર્ડ બે પંક્તિઓમાં ગોઠવીને આકૃતિમાં દર્શાવેલા છે. તમે જોઈ શકો છો કે જમણી પંક્તિના નંબરનો સરવાળો ૨૦ અને ડાબી પંક્તિના નંબરનો સરવાળો ૧૯ આવે છે. આ પઝલનો હેતુ એ છે કે ઓછા કાર્ડ ફેરવી બંને પંક્તિનો સરવાળો સરખો લાવવો છે. એ કઈ રીતે કરાય ?



## ૪ ચાલો બાળકો આ ચિત્રમાં કેટલા પંજા છે તે ગણિયે.





## ૫ ટપકાં જોડીને ચિત્ર બનાવો.




## ૬ દર્શાવેલ ચિત્રોને ઘટનાક્રમ મુજબ અંક આપો.














# મીઠી યાદેં



જાત્રાનો પ્રસંગ છે. એક ધર્મશાળામાં બધાનો ઉતારો હતો. બધા રાત્રે એ ધર્મશાળામાં પહોંચ્યા. જમ્યા પછી નીરુમા બધા મહાત્માઓ સાથે બેઠા હતા. એક બહેન નીરુમાની બાજુમાં જઈને બેસી ગયા. એમને સેવા કરવી બહુ ગમતી, એ નીરુમાને ખબર. એટલે છેલ્લે દર્શન કરતી વખતે નીરુમાએ એમને કહ્યું, ''કાલે સવારે મારા માટે ગરમ પાણી ભરી લાવજે.'' એ બહેન તો એકદમ ખુશ થઈ ગયા.

પોતાની રૂમ પર જઈને એ બધાને કહી વળ્યા કે ''મારે કાલે વહેલું ઊઠવાનું છે. નીરુમા માટે ગરમ પાણી લઈ જવાનું છે. મને નીરુમાએ કહ્યું છે.''

બીજા દિવસે સવારે પાંચ વાગ્યામાં ઊઠી જઈને એ બહેન નીચે પાણી ભરવા ગયા. જોયું તો પાણી માટે લાંબી લાઈન લાગી હતી. ગરમ પાણી લેવા માટે બધા બહુ લોકો આવી ગયા હતા. આટલી બધી ભીડ જોઈને એ બહેન વિચારવા લાગી કે હવે શું કરવું?

એમણે તો બધાને કહી દીધું કે એમણે નીરુમા માટે ગરમ પાણી લઈ જવાનું છે. નીરુમા માટે લઈ જવાનું હોય એટલે કોઈ કંઈ બોલે ? બધાએ એમને પહેલા જવા દીધા અને બાલદી ગરમ પાણીથી ભરી દીધી. પેલી બહેન પણ ખુશ થઈ ગઈ કે કંઈ પણ મહેનત કર્યા વગર એમને પાણી મળી ગયું.

ઉપર જઈને એમણે જોરથી નીરુમાના રૂમનું બારણું ખખડાવ્યું. દીપકભાઈ બહાર આવ્યા. અને કહ્યું, ''નીરુમા તો સૂતા છે. આ પાણી તમે પાછું લઈ જાવ.'' પછી દીપકભાઈએ પૂછ્યું, ''હવે શું કરશો આ પાણીનું તમે ?''

પેલા બહેન કહે, ''કંઈ નહીં. બીજા કોઈને આપી દઈશ.''

આ વાતો નીરુમાએ સાંભળી એટલે તેઓ તરત ઊઠીને બહાર આવ્યા અને બોલ્યા, ''ના, ના, હું નાહી લઉં છું. એને પાછી ના મોકલ.''

પાણી લઈને નીરુમા એ બહેનને બધી પૂછપરછ કરવા લાગ્યા કે તું કેટલા વાગે ઊઠી ગઈ'તી ? તું કેવી રીતે પાણી લેવા ગઈ હતી ? તારો નંબર કેટલામો હતો ? વગેરે.

પેલી બહેને સરળતાથી કહી દીધું, ''મેં તો બધાને કીધું કે મારે નીરુમા માટે પાણી લઈ જવાનું છે એટલે બધાએ મને ફટાફટ આગળ જવા દીધી.''

આ સાંભળી નીરુમા એમને સમજાવતાં બોલ્યાં, ''આવી રીતે નીરુમાનું નામ વટાવીને ક્યારેય સેવા નહીં કરવાની.''

પેલી બહેનને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. ખ્યાલમાં પણ ન આવે એવી ભૂલો નીરુમા ખૂબ પ્રેમથી દેખાડી સમજાવતા.

# પઝલના જવાબ

તમારી જાતને ચકાસી જુઓ! ના જવાબ


૧) ૧. હમમમ....ફાઈડે પિક્ચર જોઈ આવું. શનિવારે થોડી વધારે પ્રેકિટસ કરી લઈશ.

૨. મારે સ્પેલિંગ કોમ્પિટિશનમાં ભાગ નથી લેવો. એમાં જીતવાનો તો કંઈ ચાન્સ નથી. આના કરતા હું આર્ટ કોમ્પિટિશનમાં પાર્ટ લઉં તો કેવું ?


૩. મને આ સ્પેલિંગમાં સમજણ નથી પડતી. મને નહીં આવડે તો ?

૨) ૧. હું અનંત શક્તિ વાળો છું. દાદા, મને સમજણ પડે એવી શક્તિ આપો.

૧



૨




૪ – ૫૪

૩




૬




## હા...હા...હી...હી...

નોકર : શેઠ મને તમારે ત્યાં નોકરીએ રાખશો?
શેઠ : ના ભાઈ મને બધું જ કામ જાતે કરી લેવાની ટેવ છે.
નોકરે કહ્યું - એટલે તો હું તમારે ત્યાં નોકરી કરવાની હા પાડું છું.

હાથી બોલ્યો આખી પૃથ્વી પર મારા જેટલું શક્તિશાળી અને બુધ્ધિમાન પ્રાણી કોઈ નથી. તો તરત જ કીડી બોલી એમ, તો ચાલ મારા દરમાં ઘૂસીને દેખાડ.

ટીચર : ચીંટુ, તારા પપ્પા શું કરે છે?
ચીંટુ : ટીચર મારા પપ્પા એચ.ડી.એફ.સી. ના માલિક છે.
ટીચર : વાહ સરસ ,પણ એ તો કહે એચ.ડી.એફ.સી. નો અર્થ શો થાય.
ચીંટુ : હરીલાલ દાબેલી એન્ડ ફરસાણ સેન્ટર.

છગન કહે ડૉક્ટર સાહેબ પ્લાસ્ટિક સર્જરી માટે કેટલા રૂપિયાનો ખર્ચ થાય?
ડૉક્ટરે કહ્યું બે લાખ રૂપિયા થાય.
છગને કહ્યું અને સાહેબ જો હું પ્લાસ્ટિક મારા ઘરેથી લઈ આવું તો?

'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : સીંધર સીટી, અડાલજ -૩૮૨૪૨૧, જી-ગાંધીનગર
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : સીંધર સીટી, અડાલજ -૩૮૨૪૨૧, જી-ગાંધીનગર
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮-૩-૨૦૧૩, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2013
Year : 5, Issue : 7
Conti. Issue No.: 55

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# મોરબી ખાતે યોજાયેલ ત્રિમંદીર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઝલક...
## ત્રણે ભગવાન અને દેવદેવીઓની પ્રતિષ્ઠા, પ્રક્ષાલ અને પૂજન કરતા પૂજ્યશ્રી.



**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.